ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ચોમાસાની જમાવટ

## દિવસભર હળવા-ભારે ઝાપટાથી ચોમાસાનો માહોલ : સીઝનનો કુલ ૨૨૧ મી.મી. વરસાદ





ગાંધીનગર, તા. ૮

ચોમાસાના બીજા રાઉન્ડમાં મેઘરાજાએ જમાવટ કરી છે. ગઈકાલ સાંજથી શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ ચાલુ રહ્યો હતો. દિવસ દરમ્યાન ઝરમર ચાલુ રહેલા વરસાદે સાંજે જોરદાર બેટીંગ કરી હતી અને કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

આ વર્ષે ચોમાસુ ખુબ સારૂ રહ્યુ છે. હજુ તો ચોમાસુ શરૂ થયુ છે ત્યાં જ સારો એવો વરસાદ વરસી ચૂક્યો છે. પ્રથમ રાઉન્ડમાં જ સારો વરસાદ વરસતા ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી છે. ચોમાસાનો બીજો રાઉન્ડ પણ ધમાકેદાર બની રહ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણ છવાયેલુ રહ્યુ છે. જો કે જે પ્રમાણે વાદળોનો જમાવડો હતો તે પ્રમાણે વરસાદ ન વરસતા વસાહતીઓ ચિંતામાં મુકાયા હતા. બફારો પણ ખુબ અનુભવાતો હતો. ગઈકાલે આખો દિવસ વાદળો ગોરંભાયેલા રહ્યા બાદ મોડી સાંજથી વરસાદ વરસવો શરૂ થયો હતો. રાત્રી દરમ્યાન ક્યારેક ધીમી ધારે તો ક્યારેક ધોધમાર વરસાદ વરસતો રહ્યો હતો. આજે પણ આખો દિવસ વરસાદી ઝાંપટા પડતા રહ્યા હતા.

સાંજ પછી આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. શનિવારે સાંજે કોઈ કામ અર્થે ઘરની બહાર નીકળેલા વસાહતીઓ ભારે વરસાદમાં ફસાઈ ગયા હતા. અનિવાર્ય સંજોગો સિવાય વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ.

વરસાદના બીજા રાઉન્ડમાં પડેલા ઝાપટાને કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં આવેલા ખુલ્લા મેદાનો તળાવ જેવા લાગતા હતા. વરસાદને કારણે વાતાવરણમાં અદ્‌ભૂત ઠંડક છવાઈ ગઈ છે. તાપમાનનો પારો નીચો ઉતરી ગયો છે. જો કે ભેજનુ પ્રમાણ સવારે અને સાંજે ૯૦ ટકાથી વધુ રહેતા વરસાદ બંધ રહે તો ખૂબ બફારો અનુભવાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાભરમાં દિવસ દરમ્યાન સાર્વત્રિક વરસાદ : ખેડૂતોમાં ખુશી

## સરેરાશ દોઢ ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. જિલ્લામાં આજે સવારથી રાત્રિના ૮ વાગ્યા સુધીમાં સરેરાશ દોઢ ઈંચ વરસાદ અર્થાત્ ૪૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં આજે સવાર-બપોર અને સાંજ એમ ત્રણ તબક્કામાં ૧૩ મી.મી. વરસાદ નોંધાયો છે. રાત્રે ૮ વાગ્યા પછી પણ વરસાદ ચાલુ છે. દહેગામમાં આજે ૧૧ મી.મી., કલોલમાં ૭ મી.મી. અને માણસામાં ૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લાના કલોલમાં આજે ૮ મી.મી. વરસાદ નોંધાયા પછી પણ હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. કલોલમાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૧૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. આજે નોંધાયેલ ૮ મી.મી. વરસાદ ધ્યાને લઈએ તો હજુ પાંચ ઈંચ વરસાદ સમગ્ર તાલુકામાં થયો નથી.

અષાઢમાં જે રીતે વરસાદ ગરજીને વરસી રહ્યો છે તેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે અને ખરીફ વાવણીની કામગીરી વેગીલી બની છે.

જિલ્લામાં ૯ મીએ છુટાછવાયા સ્થાનોએ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. તંત્રએ પણ અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં શનિવાર સવારે ૬ વાગ્યા સુધીમાં સિઝનનો કુલ વરસાદ ૧૬૬ મી.મી. નોંધાયો છે. દહેગામમાં ૨૨૦ મી.મી., ગાંધીનગરમાં ૧૬૬ મી.મી., કલોલમાં ૧૧૨ મી.મી. અને માણસામાં ૧૬૬ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીની દૃષ્ટિએ સિઝનનો ૨૧ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

# પંચાયતમાં વધુ પૂરક બજેટની જોગવાઈ સિંચાઈ વિભાગને કરવામાં વહીવટી પાંખનું મૌન

## પૂરક બજેટમાં આવકને સરભર કેવી રીતે કરવાના આયોજનના અભાવે પ્રસ્તાવ નિષેધ થશે કે કેમ તેની ચર્ચા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેની દરાર મોટી થઈ રહી છે. તાજેતરમાં મળેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સિંચાઈ વિભાગને વધારાની ૭૫ લાખ રૂ.ની ગ્રાન્ટ ફાળવવાના અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલા પ્રસ્તાવ વેળાએ વહીવટીય પાંખે જે રીતે મૌન પાળ્યુ હતુ તે આ બાબતના સ્પષ્ટ સંકેત આપે છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી સિંચાઈ વિભાગને વધારાની રૂ. ૭૫ લાખની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસ પક્ષે અને વહીવટીય પાંખે આ નિર્ણય વેળાએ મૌન પાળ્યુ હતુ. પંચાયતમાં સામાન્ય બજેટ રજુ થયુ ત્યારે જે પુરાંત દર્શાવાઈ હતી તેના કરતાં આ ફાળવણી મોટી છે. આવકના નવા સ્રોત છે નહિ એટલુ જ નહિ નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં હવે ૭ થી ૮ માસનો સમયગાળો બાકી છે ત્યારે આ રકમ કેવી રીતે આવશે આવો નિર્ણય ન લઈ શકાય તેઓ અભિપ્રાય વ્યક્ત કરવાનું વહીવટીય પાંખે ટાળ્યુ હતુ.

હવે આ પ્રસ્તાવ નિષેધ થશે તેમ મનાઈ રહ્યુ છે અને તંત્ર હજુ પણ આ બાબતે મૌન જે રીતે સેવી રહેલ છે તેને લઈ અનેક તર્ક વિતર્ક પંચાયતની ગલિયારીઓમાં સાંભળવા મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે મતભેદો વધુ ને વધુ ઉગ્ર બની રહ્યા છે તેમજ બન્ને પાંખ વચ્ચે સમનવ્ય થાય તેવા કોઈ સંકેતો નથી.

ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે જે રીતે દરાર વધુ ને વધુ મોટી થઈ રહી છે. પંચાયતના નવા બિલ્ડીંગ માટે જમીન મેળવવાથી લઈ આ પ્રસ્તાવ પસાર થયો તે સમયગાળા દરમ્યાન બન્ને પાંખ વચ્ચે કોઈપણ પ્રકારના સમન્વય માટેના પ્રયાસો થયા નથી.

ચૂંટાયેલી પાંખને માર્ગદર્શિત કરવાની વહીવટીય પાંખની

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુ ગાંધીનગરમાં મચ્છરોની ડેનસીટી વધતાં ૧૩ એકમોને નોટીસ

ગાંધીનગર, તા. ૮

ન્યુ ગાંધીનગરનો વિસ્તારમાં વાહકજન્ય રોગચાળા માટે અત્યંત સંવેદનશીલ વિસ્તાર બની ઉભરી આવતાં તંત્રએ હવે આ વિસ્તારમાં આજે સઘન કાર્યવાહી હાથ ધરી છે.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મચ્છરોની ડેનસીટી પણ વધુ હોવાની તેમજ વાહકજન્ય રોગચાળાના કેસો શરૂ થતાં હરકતમાં આવેલા તંત્રએ આ વિસ્તારમાં આજે ૧૩ જેટલા એકમોને નોટીસ થમાવી દીધી છે. આજે તંત્રની ટીમોએ પોરાનાશકની સઘન કાર્યવાહી પણ કરી હતી.

આજરોજ તારીખ ૮મી જુલાઈ ૨૦૨૩ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વાહક જન્ય રોગોના અટકાયત માટે સરગાસણ, કુડાસણ, તેમજ ટીપી-૯ વિસ્તારમાં વિકાસશીલ બાંધકામ સાઈટ્સમાં સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવલ. જેમાં સમગ્ર વિસ્તારમાં કુલ ૫૦ જેટલી બાંધકામ સાઈટ અને અન્ય વ્યપારિક એક્મોની મુલાકાત કરવામાં આવી હતી. જેમાંથી ૧૩ એકમો અનુક્મે અલટેઝા કોન્સ્ટ્રક્શન, હૃદયા સાઈટ સરગાસન, પારિજાત સ્કાય, સિદ્ધાર્થ એક્સક્લુઝિવ, રિલાયન્સ ટ્રેન્ડ સરગાસણ, અક્ષત પેરેડાઈઝ, મહાકાળી ઓટો સર્વિસ, આવકાર એમ્પરર, સમ્રાટ સુપર સ્ટોર, શિક્ષાપત્રી ટીપી-૯, સ્કાય લાઈન, રેડિયન્ટ સ્કૂલ, અને વિહાન બાંધકામ સાઈટમા મચ્છરોનિ ઉત્પત્તિ મળી આવી હતી. આ તમામ એક્મોને નોટિસ આપવામાં આવેલ તેમજ ભવિષ્યમા સંક્ર્મનણ ન ફેલાય તે માટે અવશ્યક સુચનો આપ્યા હતા. આ ઉપરાંત જરૂરી જગ્યાઓ પર ઑઈલીગ કામગીરિ કરવામા આવી હતી. સદર કામગીરીમા બાયોલોજીસ્ટ તથા ૫ મ.પ.હે.વ અને ૪ વેકટર કંન્ટોલ ટીમ દ્વારા કામગીરી કરવામા આવી

# એજન્ટ પ્રથાને નાથવા તંત્ર આક્રમક મૂડમાં : કચેરી બહાર નોટીસો ચિપકાવી

ગાંધીનગર, તા. ૮

જિલ્લા વહીવટીતંત્રમાં વધતી જતી એજન્ટ પ્રથાને નાથવા માટે તંત્ર દ્વારા હવે જનસેવા કેન્દ્ર સહિત વિવિધ કચેરીઓમાં આ અંગે ખાસ નોટીસો ચિપકાવવામાં આવી છે.

એજન્ટરાજને નાથવા માટે તંત્રએ આક્રમક વ્યુહરચના તૈયાર કરી હોવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. તંત્રએ જનસેવા કેન્દ્રમાં આ અંગે નોટીસો ચિપકાવી સ્પષ્ટ જણાવ્યુ છે કે અરજદારોને જો કોઈ તકલીફ જણાય તો સંબંધિત અધિકારીનો સીધો સંપર્ક કરવો. તંત્રએ ચેતવણી માટેની ચિપકાવેલી નોટીસમાં જણાવ્યુ છે કે સરકારશ્રીની કોઈ યોજનાઓનો લાભ લેવા અરજી ફોર્મ રજુ કરતી વખતે સરકારશ્રી દ્વારા નિયત થયેલ ફી કરતાં વધારાની ફી આપવાની થતી નથી. કચેરી બહાર ફરતા એજન્ટો/દલાલોથી જાણ કરવા જણાવાયુ છે. ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર ખાતે આવી નોટીસો લગાવવામાં આવી છે તેમજ આ બાબતે કયા અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવો તે પણ દર્શાવવામાં આવ્યુ છે. જિલ્લાઓમાં ખાસ કરીને મહેસુલી કચેરીઓમાં એજન્ટ પ્રથા જે રીતે વિકસી છે તે છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદમાં રહેલ છે. હવે તંત્ર આ દૂષણને નાથવા માટે આક્રમક મૂડમાં હોય તેમ જણાઈ રહ્યુ છે.

# શિક્ષકોની આંતરિક જીલ્લાફેર બદલી માટે તંત્રએ કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની આંતરિક બદલીનો કેમ્પ બાદ હવે આંતર જિલ્લા ફેર શિક્ષકોની બદલી કેમ્પના આયોજનની તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ઓગષ્ટના અંત સુધીમાં નવા સેટઅપ સાથે શૈક્ષણિક કાર્યમાં વધુ વેગ આવશે. શાળા પ્રવેશોત્સવ પછી વધ ઘટ કેમ્પ બાદ જિલ્લાની આંતરિક બદલીઓ અને હવે જિલ્લાફેર બદલીઓની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં સમગ્ર રાજ્યની સાથે શિક્ષકોની ઓનલાઈન જિલ્લા આંતરિક બદલી કેમ્પનો પ્રથમ તબક્કો પુરો કરાયો છે. હવે તારીખ ૨૧મીએ બીજા તબક્કા તારીખ ૨૪મીએ જિલ્લા વિભાજન કેમ્પ અને ત્યાર બાદ જિલ્લા ફેર બદલી કેમ્પનું તારીખ ૨૬થી ૨૮મી જુલાઈ સુધી આયોજન ઉપલબ્ધ જગ્યાઓ અનુસાર કરવાનો આદેશ સંયુક્ત શિક્ષણ નિયામક દ્વારા આપવામાં આવતાં જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

વિદ્યા સહાયકો, પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની જિલ્લા આંતરિક બદલી કેમ્પની પ્રક્રિયા ગત તારીખ ૨જી જુલાઈએ પુરી થવાની સાથે બીજા તબક્કાના બદલી કેમ્પનું આયોજન કરવા અપાયેલી સુચના અનુસાર કાર્યવાહી શરૂ કરાઈ છે.

જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બી. એન. પ્રજાપતિએ જણાવ્યું કે જિલ્લા આંતરિક બદલી કેમ્પની બીજા તબક્કાની કાર્યવાહી તારીખ ૨૧ જુલાઈએ પુરી થશે. ત્યાર બાદ જિલ્લા વિભાજન બદલી કેમ્પની કાર્યવાહી જરૂરી બનશે તો તેના માટે જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓ મુજબ જિલ્લા કક્ષાએ તારીખ ૨૪મી જુલાઈએ જિલ્લા વિભાજન બદલી કેમ્પ યોજાશે અને ત્યાર બાદ તારીખ ૨૬થી તારીખ ૨૮મી જુલાઈ સુધી જિલ્લા ફેર બદલી કેમ્પ યોજાશે. તેના માટે સંબંધિત અરજદારોને કેમ્પમાં ઉપસ્થિત રહેવા માટેની જાણ એક સપ્તાહ પહેલા કરી દેવા માટે જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# મનપા સવા લાખથી વધુ વૃક્ષો વાવશે

## વૃક્ષોના વાવેતર માટે ૬ મોટા પ્લોટ ફાળવવા ઉપરાંત સેક્ટરોના કોમન પ્લોટ પણ પસંદ કરી રોડમેપ તૈયાર કરાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા વિવિધ સ્થળોએ સવા લાખથી પણ વધુ વૃક્ષોના વાવેતરનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગ્રીનસીટીનું બિરૂદ ઝડપથી પાછુ મળે તે માટે મનપાએ આ વખતે વૃક્ષોના વાવેતર માટે માત્ર આરંભે જ ઉત્સાહી એમ નહિ પણ વૃક્ષોના જતનની પણ વિશેષ જાળવણી સાથેનો રોડમેપ તૈયાર કર્યો છે.

વન વિભાગ સાથે શ્રેણીબધ્ધ બેઠકો બાદ મનપાએ આ રોડમેપને આખરી ઓપ આપી દીધો છે. મળતી વિગતો પ્રમાણે ૬ જેટલા મોટા પ્લોટ પણ વૃક્ષોના વાવેતર માટે ફાળવવાની તૈયારી વન વિભાગ સમક્ષ વ્યક્ત કર્યા બાદ આ દિશામાં તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે પ્રકૃતિપ્રેમી સંસ્થાઓ તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓને સાથે રાખી આ રોડમેપને સાકાર કરવામાં આવનાર છે. ખાસ કરીને મનપા દ્વારા જે અમૃત સરોવરો બનાવવામાં આવ્યા છે ત્યાં પણ વધુમાં વધુ વૃક્ષોના વાવેતર સાથે રોડ સાઈડ પ્લાન્ટેશન પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની આગવી ઓળખ જે ગ્રીનસીટીની છે તે પુનઃ પ્રાપ્ત કરવા માટે મનપાએ શહેરના નવા-જૂના વિસ્તારોને અગ્રતા આપી છે. આ ઉપરાંત આ વૃક્ષોના ઉછેર માટે વૃક્ષો દત્તક આપવાની યોજના પણ અમલી બનાવવા માટેની વિચારણા તેના અંતિમ તબક્કામાં છે.

શહેરમાં જે કોમન પ્લોટ સેક્ટરોમાં છે તેને પણ હાલ આખરી કરવાની તૈયારીમાં મનપાનું તંત્ર વ્યસ્ત છે અને ઘણા સેક્ટરોમાં આ કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું પણ જાણવા મળેલ છે. કોબા-અમદાવાદ માર્ગ, સરખેજ-ગાંધીનગર માર્ગ પર શહેરની હદ સુધીના વિસ્તારમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે વેસ્ટ કમ્પોઝ્ડ ખાતર

● અનુસંધાન પાન-૭ પર

## ચ-૦ પાસે કમળ ઉદ્યાન રિડેવલપ કરાયુ

ગાંધીનગર, તા. ૮

વાયબ્રન્ટ સમીટ વખતે ગાંધીનગરના ચ-૦ પાસે બનાવવામાં આવેલ કમળ મોન્ડને રિડેવલપ કરવામાં આવ્યુ છે. ૨૫૦ થી વધુ કમળના છોડ માટેનું વાવેતર ત્યાં કરાયુ છે અને હવે તેના ફૂલ પણ એકાદ-બે જોવા મળ્યા છે. ઉદ્યાન નગરી તરીકેની ઓળખ ધરાવતા ગાંધીનગરમાં સચિવાલય સામે ગુલાબ ઉદ્યાન ડેવલપ કરાયુ હતુ પરંતુ સેન્ટ્રલ વિષ્ટા બનતાં તે લુપ્ત થયુ હવે ચ-૦ પાસે કમળ ઉદ્યાન રિ.ડેવલપ કરવામાં આવી રહ્યુ છે.

## મીના બજાર નજીક વનકવચ બનાવાશે

ગાંધીનગર, તા. ૮

જુના સચિવાલય જીવરાજ મહેતા ભવન નજીક આવેલ મીના બજાર પાસેની ખુલ્લી જગ્યામાં વન વિભાગ દ્વારા વનકવચનું નિર્માણ કરવામાં આવનાર છે.

વન વિભાગે આ વનકવચ નિર્માણ માટેની તૈયારીઓ આરંભી દીધી છે. રિફોર્ન્ડ મિયાવાકી જંગલ અર્થાત્ વનકવચમાં ૨૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે. આ માટેની કામગીરી આગામી એક સપ્તાહમાં જ પૂર્ણ થઈ જશે તેમ વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

મીનાબજારની આસપાસમાં ખુલ્લી જગ્યામાં વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર માટેની વ્યુહરચના પણ તંત્રએ હાથ ધરી હોવાનું જાણવા મળેલુ છે. ગાંધીનગર શહેરને ગ્રીનસીટીનું બિરૂદ ઝડપથી પુનઃ પ્રાપ્ત થાય તેને લઈ આ વખતે તંત્રએ કવાયત પણ વેગીલી કરી લીધી છે.

## બેસણું



અમારા માતૃશ્રી **જ્યોતિબેન જે. શાહ** (ઉ.વ. ૬૨) (ગામ : વડનગર)નું તા. ૨/૭/૨૦૨૩ને રવિવારના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૯/૭/૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :** વૈદિકા ઈ-સિરીઝ, ફ્લેટ નં. બી/૧૦૨, ભાઈજીપુરા ચોકડી, પી.ડી.પી.યુ. રોડ, કુડાસણ, ગાંધીનગર

લિ.


પ્રતિક જે. શાહ ૮૩૨૦૭૨૨૩૭૫

જૈનેશ જે. શાહ ૯૩૧૩૭૯૧૮૯૮

નિક્કી જે. શાહ ૮૩૨૦૭૨૨૩૭૫

પ્રક્ષાલ, શ્રેય, જૈનિકા

## શ્રી સ્થાનકવાસી જૈન બેસણું



મારા ધર્મપત્ની અ.સૌ. **નિરંજનાબેન હસમુખરાય જાટકીયા** (ઉ.વ. ૭૭) તા. ૭-૭-૨૦૨૩ને શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું / પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કડવા પાટીદાર સમાજ વાડી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર (પ્રવેશ ગેટ નં.૩થી કરવો)**

હસમુખરાય તારાચંદ જાટકીયા - મો. ૯૯૦૯૯ ૭૫૯૯૩

સ્વ. જયસુખલાલ તારચંદ જાટકીયા | હિરેન હસમુખરાય જાટકીયા

શ્રી ગિરીશચંદ્ર તારાચંદ જાટકીયા | હિમાંશુ હરકાન્ત જાટકીયા

શ્રી અનંતરાય તારાચંદ જાટકીયા | પુનિત ગિરીશચંદ્ર જાટકીયા

શ્રી જયેશ જયસુખલાલ જાટકીયા | પ્રણવ અનંતરાય જાટકીયા

# સે.૭માં શોપિંગ સેન્ટર પાછળનું શૌચાલય "ગંદકીનું ઘર" બન્યું

## ખાળકૂવો ઉલેચીને મળ સહિતની ગંદકી ત્યાં જ છોડીને દેવાઈ : અતિશય દુર્ગંધને કારણે દુકાનધારકો અને આસપાસના રહીશો ત્રાહિમામ






ગાંધીનગર, તા.૦૮

ગાંધીનગના સે.૭માં મુખ્ય શોપિંગ સેન્ટર પાછળ શૌચાલય "ગંદકીનું ઘર" બની જવા પામ્યું છે. આ શૌચાલયનો ભરાઈ ગયેલો ખાળકૂવો ઉલેચીને મળ બહાર તો કાઢવામાં આવ્યો પરંતુ તેનો યોગ્ય નિકાલ કરવાની જગ્યાએ ત્યાં જ મૂકી રાખવામાં આવતા સમગ્ર શોપિંગ સેન્ટરમાં દુર્ગંધનું સામ્રાજ્ય પ્રસરવા પામ્યું છે અને રોગચાળો ફેલાવાની દહેસાત સેવાઈ રહી છે. અતિશય દુર્ગંધને કારણે શોપિંગ સેન્ટરના દુકાનધારકો અને આસપાસના રહેણાંક વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે અને ગ્રાહકો પણ ત્યાં આવવાનું ટાળી રહ્યાં છે જેથી વેપાર ધંધા પર અસર થઈ રહી છે.

સે.૭માં મુખ્ય શોપિંગ સેન્ટરમાં લક્ષ્મી બેકરી પાછળ બનાવાયેલા જાહેર શૌચાલય ખાતે સાફ-સફાઈમાં અને જાળવણીમાં બેદરકારીના કારણે તે "ગંદકીનું ઘર" તો બની ગયું છે. સૌથી પહેલાં તો અહીં શૌચાલયમાં પ્રાથમિક જરૂરિયાત પાણીની રહે છે તેનો જ અભાવ છે, પાણીના નળ તુટેલાં છે, યુરિનલ સાવ ગંદા છે, જ્યાં લઘુશંકા કરવા જવું પણ નાગરિકો માટે જોખમરૂપ બન્યું છે. ટોયલેટમાં સફાઈના અભાવે ભરેલાં પડ્યાં છે જેના કારણે શૌચાલયમાં દુર્ગંધનું સામ્રાજ્ય છે. આ સ્થિતિ અંગે વેપારીઓ દ્વારા અનેકવાર ફરિયાદો કરવામાં આવી છે છતાં જવાબદાર કર્મચારીઓ દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી અને ઉપરથી તોછડાઈ ભર્યા જવાબો આપવામાં આવે છે જેના કારણે વેપારીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com